

## 'THE GREAT INDIAN KITCHEN' REMAKE

# સાન્યાની ફિલ્મ 'મિસિસ'નું ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબર્ન 2024માં પ્રીમિયર યોજવામાં આવશે

ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબોર્ન 2024 (IFFM) સાન્યા મલ્હોત્રા સ્ટારર 'મિસિસ'નું પ્રીમિયર કરવા માટે તૈયાર છે. આરતી કદવ દ્વારા નિર્દેશિત આ ફિલ્મ મહિલાના જટીલ જીવન પર ધ્યાન દોરે છે, જેનું કેરેક્ટર સાન્યાએ પ્લે કર્યું છે. તે એક ડાન્સ ટીચર છે. લગ્ન પછી તે પોતાનો નવો રસ્તો શોધવાનો પ્રયત્ન કરે છે. તેને પત્ની ધર્મના ચેલેન્જિસનો પણ સામનો કરવો પડે છે. આ ફિલ્મ એક મહિલાની તેના વૈવાહિક જીવન પર લાદવામાં આવતી સામાજિક અપેક્ષાઓ વચ્ચે સ્વ-અભિવ્યક્તિની સફર દર્શાવે છે. તે મલયાલમ ફિલ્મ 'ધ ગ્રેટ ઈન્ડિયન કિચન'ની હિન્દી રિમેક છે. આ ફિલ્મમાં કંવલજીત સિંહ અને નિશાંત દહિયા પણ મુખ્ય ભૂમિકામાં છે. ફિલ્મને જિયો સ્ટુડિયો અને બાવેજા સ્ટુડિયોએ સાથે મળીને પ્રોડ્યુસ કરી છે. સાન્યાએ અગાઉ ન્યૂયોર્ક ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલમાં આ ફિલ્મ માટે બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ જીત્યો હતો અને તેને IFFM 2024 માટે બેસ્ટ સિરીઝ માટે નોમિનેશન પણ મેળવ્યું છે. આ વિશે સાન્યાએ કહ્યું... 'હું સન્માનિત અનુભવું છું કે, 'મિસિસ' મેલબોર્નના ભારતીય ફિલ્મ ફેસ્ટિવલમાં ઓસ્ટ્રેલિયન પ્રીમિયર કરશે. આ વાર્તા દરેક જગ્યાએ દર્શકોને પસંદ આવશે.'